# અમરેલી જિલ્લા બિનસરકારી માધ્ય. અને ઉ.મા શાળા આચાર્ય સંઘ

કાર્યાલય : શ્રી સ.વ.પટેલ માધ્યમિક શાળા– ઈંગોરાળા(ડાંડ) તા. લીલીયા જિ.અમરેલી

સંપર્ક:::૯૯૭૪૩૫૫૭૦૫ mail: jmjoshiamr@gmail.com


તા.૦૪/૦૩/૨૦૧૧

**પ્રતિ,**

**આચાર્યશ્રી/આચાર્યાશ્રી**

**બિનસરકારી માધ્ય. અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ**

**અમરેલી જિલ્લો**

**વિષય : અમરેલી જિલ્લાની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાને સ્પર્શતા પ્રશ્નો અંગેની માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સમક્ષની રજુઆત....**

સાદર નમસ્કાર

આજ રોજ શ્રી પ્રકાશભાઈ ત્રિવેદીસાહેબ(માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી– અમરેલી) સાથે શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની મીટીંગ સહદયી વાતાવરણમાં યોજાઈ જેમાં અમરેલી જિલ્લા આચાર્ય સંઘના પ્રતિનિધી તરીકે શ્રી બી.સી દવેસાહેબ(બોર્ડ મેમ્બર) શ્રી એમ.પી રામાણીસાહેબ (પ્રમુખશ્રી) તથા શ્રી જયંતભાઈ જોશી(મહામંત્રીશ્રી) એ હાજર રહી જિલ્લાની શાળાઓ અને કર્મચારીઓને સ્પર્શતા પ્રશ્નોની રજુઆત કરેલ છે જે પ્રશ્નોની વિગત નીચે મુજબ છે.માન.શ્રી ત્રિવેદીસાહેબને કરેલ રજુઆત શબ્દશઃ નીચે મુજબ છે.

જયભારત સાથ ઉપરોકત વિષય સંધાને અમરેલી જિલ્લાની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને કર્મચારીઓને સ્પર્શતા કેટલાક પ્રશ્નો અંગેની રજુઆત આ સાથે સામેલ છે. આપસાહેબને આ અગત્યના પ્રશ્નોને ગંભીરતાથી લઈ સત્વરે આ પ્રશ્નોના ઉકેલની દિશામાં ઝડપી કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

## (૧) પડતર એરીયર્સ બીલો અંગે.....

જિલ્લાના કર્મચારીઓનાં એલ.ટી.સી/ઉચ્ચતર પગારધોરણ/ પુરાપગારમાં સમાવેશ/મેડીકલ જેવા વિવિધ કારણોસર લેણા નીકળતા નાણાનાં એરીયર્સનાં કેટલાયે બીલ ખુબ લાંબા સમયથી શિક્ષણાધિકારી કચેરી–અમરેલીમાં પડતર છે. આ ઉપરાંત નિવૃત કર્મચારીઓના પગારપંચનાં ૨૦ ટકા રોકડ એરીયર્સના તેમજ રજાનું રોકડ રૂપાંતર જેવા અનેક બીલો પડતર છે.સામાન્ય રીતે સરકારશ્રી મારફત માર્ચ માસમાં આવા બિલ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોય છે અને જો માર્ચમાં આ બીલ વણચુકવાયેલા રહે તો ફરીથી એક વર્ષ માટે આ બીલો પેન્ડિંગ રહેતા હોય છે.આ અંગે અમોએ વારંવાર રજુઆત કરેલ છે.

આ માર્ચમાં આ તમામ બીલોનાં નાણા કર્મચારીઓને ચુકવાય જાય તેવા આપના પ્રયત્નો અપેક્ષિત છે. આ અગાઉની માન. શ્રી વી.જી મોદીસાહેબ સાથેની પ્રશ્નો અંગેની મુલાકાતમાં અમોને આશ્વાસન આપવામાં આવ્યુ હતુ કે– આ બાબતને તાકિદની અગ્રતા આપી તમામ બીલો ચેક કરી,જરૂર જણાયે પુર્તતાના કિસ્સામાં બીલ શાળાને પરત ન મોકલતાં શાળાનાં જવાબદાર કર્મચારીને ટેલિફોનિક સુચનાથી કચેરીમાં રૂબરૂ બોલાવી આ પુર્તતા કરી તમામ બીલોને ચુકવણા માટે તૈયાર રાખવામાં આવશે અને

ગ્રાન્ટ મળ્યે વિના વિલંબે આ ચુકવણા કરવામાં આવશે.તો આ બાબતે કચેરી લેવલેથી કરવાની થતી કાર્યવાહી સત્વરે પુર્ણ કરવામાં આવે તેવી સંબંધિત કર્મચારીઓને સુચના આપવા વિનંતી છે.

આ ઉપરાંત આ માર્ચમાં વિવિધ હેડ નીચે એરીયર્સનાં કુલ કેટલા નાણાં ચુકવવાના બાકી છે તે અંગેની હેડવાઈઝ માહિતી જો કચેરી મારફત અમોને આપવામાં આવે તો આ માસમાં સરકારશ્રી તરફથી આ પુરેપુરી રકમની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે તે માટે સંઘ પણ પોતાના લેવલથી પ્રયત્નો કરી શકે માટે આ માહિતી આપવા વિનંતી.

ગત સાલે પુરા પગારમાં સમાવિષ્ટ થયેલા કર્મચારીઓનાં એરીયર્સ બીલ તથા છેલ્લા મોંધવારી હપ્તાનાં એરીયર્સના બીલ કચેરી તરફથી કોઈ સુચના ન હોવાથી શાળાઓએ રજુ કરેલ નથી.જે પૈકી ખાસ પુરા પગારમાં સમાવિષ્ટ થયેલા કર્મચારીઓનાં પગાર એરીયર્સ બીલ મંગાવવાની અને તે બીલોને માર્ચના ચુકવણામાં સમાવેશ કરી લેવાની વિનંતી છે.

**(૨) છઠ્ઠા પગારપંચના ફિકસેશનનાં વેરીફિકેશન સ્ટીકર અંગે...**

રાજય સરકારે પોતાનાં કર્મચારીઓ માટે છઠ્ઠા પગારપંચ અમલ કરતાં અમરેલી જિલ્લાની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનાં તમામ કર્મચારીઓનાં પગારનું ફિકસેશન રાજય સરકારનાં નાણાં વિભાગનાં IFMS પ્રોગ્રામ મારફત ઓનલાઈન થયેલ છે. ફિકસેશન પછીનાં તબકકામાં હવે આ તમામ કર્મચારીનાં ફિકસેશનનું વેરીફિકેશન ઓનલાઈન કરવાનું થાય છે.અને ઓનલાઈન વેરીફિકેશન થયા બાદ એ વેરીફિકેશન સ્ટીકર જે તે કર્મચારીની સર્વિસબુકમાં જોઈન્ટ કર્યા બાદજ આ પગાર પેન્શન અને ગ્રેચ્યુઈટીનાં હેતુ માટે માન્ય ગણવામાં આવે છે. રાજયનાં અન્ય જિલ્લાઓમાં વેરીફિકેશનની આ કાર્યવાહી પુર્ણ થઈ ચુકી છે પરંતુ આપણાં જિલ્લામાં આ કાર્યવાહી પુર્ણ થઈ શકી નથી.આ કાર્યવાહી પુર્ણ ન થતાં નિવૃત થતાં કે અવસાન પામતાં કર્મચારીઓના પેન્શન પ્રશ્ને શાળાઓ અને કર્મચારીઓને મુશ્કેલી અનુભવાય છે, જેમ જેમ સમય વિતતો જાય છે તેમ તેમ આવા પ્રશ્નોની સંખ્યા વધતી જાય છે. અમારી જાણકારી મુજબ અમરેલી જિલ્લાનાં આ વેરી ફિકેશન સ્ટીકર ગાંધીનગર ખાતેની કચેરીમા તૈયાર છે ફકત આપ સાહેબની ઓથોરીટી સાથે એક કર્મચારીને મોકલવામાં આવે તો અમરેલી જિલ્લાનાં વેરીફિકેશન સ્ટીકર એકત્ર કરી ઓથોરીટીની સહિ સાથે મેળવી શકે તેમ છે.તો આ બાબતે સંબંધિતોને સુચના આપવા વિનંતી અને આ કાર્યવાહી સત્વરે પુર્ણ કરાવવા વિનંતી છે.

**(૩) એલ.ટી.સીનાં પડતર બીલની ખાતાકીય મંજુરી મેળવવા અંગે...**

સને ૨૦૦૯માં જિલ્લાના કર્મચારીઓનાં તમામ એલ.ટી.સી બીલ જે તે સમયે નિયત સમયમર્યાદામાં શાળાએ શિક્ષણાધિકારી કચેરી–અમરેલી માં રજુ કરેલ હોવા છતાં આ કચેરીમાંથી આ બીલ નિયત સમયમર્યાદામાં ટ્રેઝરીમાં ન પહોંચતા આખરે આ તમામ બીલની મુદત વિતી જતાં નામંજુર થયેલ છે. શાળા કે કર્મચારીની કોઈ ચુક ન હોવા છતાં આ કર્મચારીઓને પોતાના હકનાં નાણા મળેલ નથી. આ પ્રશ્નનાં ઉકેલ માટે શિક્ષણાધિકારી કચેરી–અમરેલી એ આ તમામ બિલોને વાજબી કારણો સહ ખાતાકિય મંજુરી માટે કમિશ્નર ઓફ સ્કુલને મોકલેલા છે જેને આજ સુધી ખાતાકિય મંજૂરી મળેલ નથી. આ તમામ બિલોની મંજુરી માટે આપની કક્ષાએથી કરવાની થતી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવાની સુચના આપવા અને કર્મચારીઓને પોતાના હકનાં નાણા સત્વરે મળે તે માટે મદદરૂપ થવા વિનંતી છે.

આ ઉપરાંત સને ૨૦૧૦/૧૧ની જી.પી.એફ સ્લીપ આવતા વર્ષે સમયસર મળે... કર્મચારીના પગાર બાબતે નિયમતિતા જળવાય... વિગેરે બાબતો અંગે પણ રજુઆત કરતાં સાહેબશ્રીએ ઉપરોકત તમામ પ્રશ્નો ની ગંભીરતાથી નોંધ લઈ વહેલીતકે આ તમામ પ્રશ્નોના સુખદ નિવારણ માટેની ખાત્રી આપેલ છે.

માર્ચ– ૨૦૧૧ની એસ.એસ.સી/એચ.એસ.સી પરીક્ષા શાંત– નિર્ભય અને સ્વચ્છ રીતે લેવાય માટે તમામનાં સહયોગની સાહેબશ્રીએ અપેક્ષા વ્યકત કરતાં જિલ્લાનાં તમામ આચાર્યશ્રીઓ તરફથી પરીક્ષા કામગીરીમાં સંપુર્ણ સહયોગની આપ સહુ વતી ખાત્રી આપેલ છે.

મહામંત્રી
અ.જિ.બિ.સ.મા.શા.
આચાર્ય સંઘ-અમરેલી.